# મૂળ ભારતનાં નેવી પિલ્લાઈને કેમ શાંતિ પુરસ્કાર મળ્યો?

આ વર્ષે નોબેલ શાંતિ પુરસ્કારનું સન્માન ભારતીય મૂળનાં દક્ષિણ આફ્રિકાનાં નાગરિક નેવી (નેવેન્થમ) પિલ્લાઈને મળ્યું છે. 85 વર્ષનાં નેવી પિલ્લાઈની અનેક ઓળખ છે, જેમાંની એક એ છે કે તેઓ દક્ષિણ આફ્રિકાની હાઈકોર્ટનાં પ્રથમ અશ્વેત મહિલા ન્યાયાધીશ રહી ચૂક્યાં છે. ઉપરાંત, તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિમિનલ કોર્ટમાં પણ ન્યાયાધીશ રહ્યાં છે. વિશેષ કરીને, પૂર્વીય આફ્રિકામાં આવેલા રવાન્ડામાં થયેલા નરસંહારનો કેસ જ્યારે આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ ટ્રિબ્યુનલમાં ચાલ્યો



**દેશમાં અને આંતરરાષ્ટ્રીય કાયદાના મંચ પર જ્યાં પણ ન્યાય કરવાની જવાબદારી આવી, ત્યાં તેમણે કોઈની શેહશરમ રાખી નહીં, તેઓ ન્યાયને વળગી રહ્યાં**

ત્યારે પણ તેઓ ન્યાયાધીશનાં પદે હતાં. સ્વાભાવિક છે કે નેવી પિલ્લાઈનાં કાર્યો અનેક છે, પરંતુ તે કાર્યો જાણતાં પહેલાં તેમની પાયાની ઓળખ મેળવી લઈએ. નેવી પિલ્લાઈનો જન્મ 1941માં ડરબન શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ નારાયણસ્વામી અને માતાનું નામ સંથમા નાયડુ હતું. નેવીનો પરિવાર મૂળે તમિલ છે અને તેમના દાદા 1890ના અરસામાં ખેતમજૂર તરીકે દક્ષિણ આફ્રિકા આવ્યા હતા. નેવી પિલ્લાઈના બાળપણના અનેક કિસ્સા હવે પ્રચલિત થઈ રહ્યા છે, પરંતુ શબ્દમર્યાદાના કારણે તે કિસ્સાને વળોટીને તેમનાં મુખ્ય કાર્યોની વાત કરવી વધુ જરૂરી છે. તેમનું ઉચ્ચ શિક્ષણ 'યુનિવર્સિટી ઓફ નાતાલ'માં થયું, જ્યાં તેમણે 1963માં બી.એ. કર્યું અને ત્યાર બાદ કાયદાનો અભ્યાસ કર્યો. નેવી પિલ્લાઈ જ્યારે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં હતાં, ત્યારે દક્ષિણ આફ્રિકામાં રંગભેદ તેની ચરમસીમાએ હતો. આ કારણે તેમને શ્વેત વિદ્યાર્થીઓની સરખામણીએ અભ્યાસનાં ઓછાં સંસાધનો મળતાં હતાં. શિક્ષણ મેળવવામાં અનેક પડકારો હોવા છતાં તેમણે પોતાનો અભ્યાસ ઉત્તમ પરિણામ સાથે પૂર્ણ કર્યો. શિક્ષણ મેળવ્યા બાદ તેઓ શરૂઆતથી જ આંતરરાષ્ટ્રીય માનવાધિકાર કાયદાઓ અંગે વકીલાત કરવા લાગ્યાં હતાં. વિશેષ કરીને બળાત્કાર અને જાતીય હિંસાના કિસ્સાઓમાં તેઓ કાયદાકીય લડાઈ માટે હંમેશાં અચૂક હાજર રહેતાં. દક્ષિણ આફ્રિકામાં રંગભેદ વિરુદ્ધની ચળવળ દરમિયાન નેવી પિલ્લાઈ અશ્વેતો માટે સુરક્ષાકવચ બનીને ઊભાં રહ્યાં.

આશ્ચર્ય થાય, પરંતુ આ એ જ દક્ષિણ આફ્રિકા હતું, જ્યાં રંગભેદ સામે 19મી સદીના અંતમાં ગાંધીજીએ લાંબી લડત ચલાવી હતી. તેમને તેમાં કેટલાંક અંશે સફળતા પણ મળી હતી. પરંતુ નેવી પિલ્લાઈએ જ્યારે 1967માં નાતાલમાં વકીલાત શરૂ કરી, ત્યારે તેમની પાસે સ્વતંત્ર રીતે વકીલાત શરૂ કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. દક્ષિણ આફ્રિકામાં તે સમયે કોઈ પણ લૉ ફર્મ અશ્વેતોને પોતાની પાસે કામે રાખતી નહોતી.

ત્યાર બાદ તેમણે રંગભેદ સામે કાયદાકીય રીતે સામાન્ય લોકો અને વિશેષ કરીને જેલમાં કેદ રાજકીય બંદીઓના અધિકારો માટે જોરશોરથી ઝુંબેશ ચલાવી. દક્ષિણ આફ્રિકાની જેલોમાં અશ્વેતોને ખરાબ પરિસ્થિતિમાં રાખવામાં આવતા હતા. આ અંગે નેવી પિલ્લાઈએ લાંબી લડત ચલાવી. નેલ્સન મંડેલા સહિત અનેક અગ્રણી આગેવાનોને જેલમાં પાયાની સુવિધાઓ મળી રહે તેવા અધિકારો અપાવવામાં તેમણે યોગદાન આપ્યું.

જોકે, 1981ના અરસામાં તેમને અમેરિકાની પ્રતિષ્ઠિત હાર્વર્ડ યુનિવર્સિટીમાં કાયદાનો અભ્યાસ કરવાની તક મળી. નેવી પિલ્લાઈ હાર્વર્ડમાં ડૉક્ટરેટની પદવી મેળવનાર દક્ષિણ આફ્રિકાની અશ્વેત મહિલાઓમાં અગ્રણી રહ્યાં હતાં. અત્યાર સુધીમાં નેવી પિલ્લાઈ પોતાનાં કામને કારણે કાયદાના ક્ષેત્રમાં જાણીતું નામ બની ચૂક્યાં હતાં.

ત્યાર બાદ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ કાયમ માટે નાબૂદ કરવાના હેતુથી ચાલેલી રાજકીય ચળવળને સફળતા મળી. રંગભેદ સામે લડનારા નેલ્સન મંડેલા અઢી દાયકા પછી જેલમાંથી મુક્ત થયા અને દેશના રાષ્ટ્રપતિ બન્યા. સ્વાભાવિક છે કે વર્ષોથી અશ્વેતો માટે લડનારાં નેવી પિલ્લાઈ નવી સરકારના ધ્યાનમાં હોય. તેમની હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી. તેમની નિમણૂક થઈ ત્યારે નેલ્સન મંડેલાએ તેમની સાથે વ્યક્તિગત મુલાકાત કરી અને કહ્યું કે, 'તમારી નિમણૂક મારા માટે ખૂબ ખુશીની વાત છે.' અહીં સુધી તેમનું કાર્ય દક્ષિણ આફ્રિકા પૂરતું મર્યાદિત હતું, પરંતુ ત્યાર બાદ તેમની નિમણૂક જે સંસ્થામાં થવાની હતી, ત્યાંથી તેમની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચવાની હતી. તેમની નિમણૂક ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ ફૉર રવાન્ડાના ન્યાયાધીશ તરીકે થઈ.

નેવી પિલ્લાઈએ કાયદાની સમજ તો મેળવી જ હતી, પરંતુ તેમનો અનુભવ પણ વ્યાપક બન્યો હતો. દેશમાં અને આંતરરાષ્ટ્રીય કાયદાના મંચ પર જ્યાં પણ ન્યાય કરવાની જવાબદારી આવી, ત્યાં તેમણે કોઈની શેહશરમ રાખી નહીં, તેઓ ન્યાયને વળગી રહ્યાં.

**પગરવ**
★ પ્રશસ્ત પંડ્યા

રવાન્ડામાં થયેલા નરસંહારમાં મૃત્યુ પામનારાઓનો આંકડો લાખોમાં હતો. આફ્રિકાના પૂર્વીય ભાગમાં આવેલા આ દેશમાં આશરે ત્રણ મહિના સુધી તુત્સી સમુદાયના લોકોનો કત્લેઆમ થતો રહ્યો. 1994માં થયેલા આ નરસંહાર દરમિયાન પાંચ લાખથી વધુ તુત્સી મહિલાઓ પર બળાત્કાર થયાના અંદાજો છે. રવાન્ડામાં ન તો સરકાર પીડિતોને બચાવી રહી હતી, ન તો કાયદાનું યોગ્ય રીતે અસ્તિત્વ જણાતું હતું. આટલી મોટી સંખ્યામાં થયેલા નરસંહારમાં ન્યાય કેવી રીતે અપાવી શકાય, તે મોટો પ્રશ્ન હતો. આ નરસંહાર માટે હુતુ સમુદાયના ઉગ્રવાદીઓ જવાબદાર હતા. રવાન્ડામાં જ્યારે આ સ્થિતિ ઊભી થઈ રહી હતી, ત્યારે ત્યાં સંયુક્ત રાષ્ટ્રની શાંતિસેનાને પણ મોકલવામાં આવી હતી. પરંતુ કત્લેઆમ શરૂ થયો ત્યારે સંયુક્ત રાષ્ટ્રની શાંતિસેના તેને રોકવામાં મોટા ભાગે નિષ્ફળ રહી. નરસંહાર અટક્યો અને વિશ્વના અનેક દેશોના પ્રતિનિધિઓ ત્યાં પહોંચ્યા, ત્યારે સ્થિતિ ભયાવહ હતી.



નરસંહાર પછી રવાન્ડા પેટ્રિયોટિક ફ્રન્ટે દેશભરમાં નરસંહાર માટે જવાબદાર લોકોની ધરપકડ કરવાની કાર્યવાહી શરૂ કરી. તેમાં એક લાખથી વધુ લોકોને જેલમાં મોકલવામાં આવ્યા. જોકે, નરસંહારના મુખ્ય જવાબદારો સામે રવાન્ડામાં જ કાર્યવાહી કરવી મુશ્કેલ હતી. આખરે કેટલાક કેસ ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલમાં આવ્યા. આ કેસોની સુનાવણી દરમિયાન નેવી પિલ્લાઈ ન્યાયાધીશ રહ્યાં અને ન્યાયાધીશોની પેનલમાં પ્રમુખની ભૂમિકા પણ નિભાવી.

અહીં તેમની ભૂમિકા દોષિતોને કાયદા અનુસાર સજા અપાવવાની હતી. દાખલા તરીકે, તેમણે રવાન્ડાના એક જાણીતા રાજકીય આગેવાન જીન-પૉલ અકાયેસુને દોષિત ઠેરવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. અકાયેસુ પર તુત્સી સમુદાયના લોકોની હત્યા અને જાતીય હિંસા સાથે સંકળાયેલા ગંભીર આરોપો હતા. તેણે એવો પ્રચાર પણ કર્યો હતો કે નરસંહાર અટકાવવા માટે પોતે પ્રયાસ કર્યા હતા. પરંતુ તેની વિરુદ્ધ અનેક પુરાવા હતા. આ પુરાવાના આધારે કાયદાકીય રીતે દોષ સાબિત કરી સજા અપાવવાની પ્રક્રિયામાં નેવી પિલ્લાઈએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. દોષિત સાબિત થયા બાદ અકાયેસુને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ કેસ રવાન્ડામાં નહીં, પરંતુ આફ્રિકાના અન્ય દેશ તાન્ઝાનિયાના આરુષા શહેરમાં ચાલ્યો હતો. બીજા દેશમાં કામ કરવું નેવી પિલ્લાઈ માટે પડકારજનક હતું, પરંતુ નરસંહારના દોષિતોને સજા અપાવવી અને ન્યાયિક પ્રક્રિયા યોગ્ય રીતે ચાલે તે જોવાની જવાબદારી તેમણે સફળતાપૂર્વક નિભાવી.

તેમણે આપેલા ચુકાદાઓએ બળાત્કારને યુદ્ધ અને નરસંહારના સંદર્ભમાં ગંભીર આંતરરાષ્ટ્રીય ગુના તરીકે સ્થાપિત કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું. સામાન્ય રીતે યુદ્ધની સ્થિતિમાં જાતીય હિંસા આચરનારાઓને સજા અપાવવી મુશ્કેલ બનતી હતી. પિલ્લાઈએ આવા ગુનાઓને ગંભીરતાથી લઈને ન્યાય અપાવવાની દિશામાં નોંધપાત્ર કામગીરી કરી. એ જ રીતે, રવાન્ડાના પૂર્વ વડા પ્રધાન જીન કામ્બાન્ડાને નરસંહાર માટે દોષિત ઠેરવવામાં પણ પિલ્લાઈએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ એક ઐતિહાસિક ઘટના હતી, જેમાં સરકારના સર્વોચ્ચ પદે રહી ચૂકેલા નેતાને નરસંહાર માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા.

નેવી પિલ્લાઈની કાર્યશૈલીએ અનેક લોકો પર પ્રભાવ પાડ્યો. તેઓ ન્યાયાધીશ તરીકે કડક હતાં, પરંતુ કેસમાં માનવીય પાસું સમજવા માટે પણ સજાગ રહેતાં. રવાન્ડાથી સાક્ષી તરીકે તાન્ઝાનિયા આવતા લોકોને તેઓ અચૂક તેમનો આભાર માનતાં હતાં. અનેક કિસ્સાઓમાં કેસની સુનાવણી દરમિયાન દોષિતો પ્રત્યે પણ માનવીય અભિગમ જાળવવાની જરૂરિયાતને તેઓ સમજતાં હતાં.

સંયુક્ત રાષ્ટ્રની આ અદાલતમાં મહત્ત્વના કેસ ચાલતા હોય ત્યારે પ્રિન્ટરની શાહી ખૂટી જવી કે અનુવાદકો વધુ પડતા કામના કલાકોને કારણે કામ કરવાની અસમર્થતા વ્યક્ત કરે, ત્યારે પણ તેઓ પોતાની વાત સ્પષ્ટ રીતે રજૂ કરતાં હતાં. અદાલતની કામગીરી આ રીતે ચાલી શકે નહીં, તેવો મત તેમણે પોતાના પદ પરથી વ્યક્ત કર્યો હતો. નેવી પિલ્લાઈના જીવન વિશે હજુ ઘણું લખી શકાય. તેમનાં અસંખ્ય ઈન્ટરવ્યૂ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે. તેમના ચુકાદાઓ પણ વાંચવા જેવા છે. પરંતુ હાલ પૂરતું નોબેલ સન્માન મેળવનાર નેવી પિલ્લાઈ વિશે ભારતીય તરીકે આટલી માહિતી મેળવી લેવી પણ પૂરતી છે.